BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટ આ ઉનાળામાં નવા સ્થળે ફરી કાર્યરત થશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 28, 2021) – સીટી ઓફ બ્રેમ્પટનનું ફાર્મર્સ માર્કેટ 2021 વર્ષની આ સીઝન માટે જૂન 19 નાં રોજ ડાઉનટાઉનમાં નવા સ્થળે કાર્યરત થશે.

માર્કેટની આ સીઝન દરમિયાન ડાઉનટાઉનમાં પુનઃવિકાસ કામગીરી થવાની અપેક્ષા હોવાને લીધે, આ માર્કેટ Ken Whillans Square (કૅન વ્હિલન્સ સ્ક્વેર), Wellington Street West (વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ) અને Gage Park (ગેજ પાર્ક)માં સ્થળાંતર કરી રહ્યું છે. આ માર્કેટ દર શનિવારે, સવારે 8 થી બપોરે 1 વાગ્યા સુધી, વરસાદ કે ઉજાશ ગમે તે હોય, ઓક્ટોબર 23 સુધી ચાલુ રહેશે. ઘણાં મનપસંદ ખેડૂતો અને સ્થાનિક કુશળ કારીગરો-ધંધાદારીઓ તાજી ચૂંટેલી ઋતુલક્ષી ઉપજ; તૈયાર ખાદ્ય પદાર્થો અને અજોડ હસ્તકળાના સામાનો વેચવા પરત આવશે!

## COVID-19 આરોગ્ય અને સુરક્ષા ઉપાયો

આ માર્કેટ પ્રોવિન્સના અને રીજીયન ઓફ પીલના જાહેર આરોગ્ય COVID-19 નિર્દેશો અને માર્ગરેખાઓ અનુસાર સંચાલન કરતું હોવાની ખાતરી સીટી કર્મચારીઓ કરશે. બધાં માર્કેટ વિક્રેતાઓ અને દુકાનદારોએ ચહેરા પર ફેસ માસ્ક પહેરવો અનિવાર્ય બનશે. વ્યક્તિઓ વચ્ચે સામાજિક અંતર જાળવવું અને ધંધામાં વ્યક્તિની મહત્તમ પરવાનગી યોગ્ય સંખ્યાઓ પણ લાગુ રહેશે.

## આ માર્કેટમાં પહોંચવું

આ માર્કેટ હજુ પણ બ્રેમ્પટનના ડાઉનટાઉન વિસ્તારના કેન્દ્રમાં સ્થિત છે અને ત્યાં બ્રેમ્પટન ટ્રાન્ઝિટ કે સાયકલથી પહોંચી શકાય છે. માર્કેટ સુધી કાર ડ્રાઇવ કરીને પહોંચનારા લોકો માટે, મફત પાર્કિંગ બ્રેમ્પટન સીટી હૉલમાં ઉપલબ્ધ છે.

## પ્રાયોજક

વર્ષ 2021 માટે બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટની રજૂઆત મેરિડિયન ક્રેડિટ યુનિયન કરશે. બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટના કોર્પોરેટ પ્રાયોજક નીચે જણાવ્યા મુજબ છે: અલ્ગોમા યુનિવર્સિટી, ઓલસ્ટેટ એન્ડ સ્પિરિટ ઓફ મેથ બ્રેમ્પટન.

આ વર્ષના માર્કેટ વિશે અદ્યતન માહિતી મેળવવા વેબસાઈટ જુઓ, www.brampton.ca/markets

## અવતરણો (ક્વૉટ્સ):

"બધાં કુટુંબો માટે બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં ભાગ લેવો એ ગત વર્ષ 1986 થી ચાલી આવતી એક પરંપરા છે અને હું મારી પોતાની દર શનિવારે સવારે તેનો આનંદ માણું છું. હવે તે એક નવું સ્થળ હોવા છતાં, આપણાં ઘણાં મનપસંદ ખેડૂતો અને કુશળ કારીગરો-ધંધાદારીઓ ધરાવતું એક સરસ બજાર બની રહેશે! હું લોકોને આપણાં માર્કેટને ફંફોળવા અને સ્થાનિક લોકોને સહાયરૂપ થવા પ્રોત્સાહિત કરું છું."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 મહામારીમાંથી રિકવર થવાની શરૂઆત કરી રહ્યું છે ત્યારે, બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટ રહેવાસીઓ અને મુલાકાતીઓને સ્થાનિક આકર્ષણની મુલાકાત લેવા અને સ્થાનિક વિક્રેતાઓને સહાયરૂપ થવાની તક આપે છે!”

- *હરકિરત સિંહ (Harkirat Singh), સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 9 અને 10; પ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટનું નવા સ્થળે સ્થળાંતર થવાથી સીટી ઓફ બ્રેમ્પટન  ઇનોવેશન ડિસ્ટ્રિક્ટને મજબૂત બનાવવા; અલ્ગોમા યુનિવર્સિટીને પોતાનો ફેલાવો વિસ્તારવામાં મદદ કરવા; અને, હ્યુરોન્ટેરિયો લાઇટ રેઇલ ટ્રાન્ઝિટ (LRT) પ્રોજેક્ટને સહાયતા કરવા ડાઉનટાઉન વિસ્તારમાં પુનઃવિકાસને સહાયરૂપ થવા સમારકામ કામગીરી કરવામાં આગળ વધી શકશે.”

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca